અગ્રતા ક્રમ–

૧૫

મહિલા અને બાળ વિકાસ વિભાગ
તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૨૮૭

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની
તારીખ: ૧૯/૦૨/૨૦૨૪

પંદરમી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર

પ્રશ્ન : મહીસાગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન બાબત

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેનો મત વિસ્તાર :–

શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ(બાલાસિનોર)

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નનો વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રશ્ન | 3 |
| ૨ | પ્રશ્નનો જવાબ | 3 |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન–૧ ધારાસભ્યશ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ(બાલાસિનોર)** આંગણવાડી કેંદ્રમાં આપવામાં આવતા ગેસ કનેકશનમાં કઈ–કઈ સુવિધા પૂરી પાડવામાં આવે છે? | 4 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન–૨ ધારાસભ્યશ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ)** ૧૦ વર્ષથી વધુ સમયથી કનેકશન ધરાવતા આંગણવાડી કેંદ્રોમાં ગેસ રિપેરીંગ કે રિપ્લેશમેન્ટ માટે શું વ્યવસ્થા છે? | 5 |
| | **પૂરક માહિતી** | |
| ૪.૧ | મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા કેન્દ્રોમાં ગેસ કનેક્શનની સુવિધા આપવામાં આવી છે? | 6 |
| ૪.૨ | મહીસાગર જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કેન્દ્રમાં ગેસની બોટલ પહોંચાડવાની શું વ્યવસ્થા છે ? તથા તે અંગેની એજન્સી અને ખર્ચની વિગતો શું છે ? | 7 |
| ૪.3 | આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન કેવી રીતે આપવામાં આવે છે? તથા આંગણવાડી કેન્દ્રોને ગેસ સિલિન્ડર મળવામાં વિલંબ થતો હોય અને ગેસ સિલિન્ડરના અભાવે લાભાર્થીને કોઈ તકલીફ પડેલ હોય તેવુ બનવા પામેલ છે? | 8 |
| ૪.૪ | આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પુરી પાડવાની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને આ યોજના અમલમાં આવવાથી શુ ફરક પડ્યો? | 9 |
| ૪.૫ | મહીસાગર જિલ્લામાં ગેસ કનેક્શન યોજનાથી લાભાન્વિત થતા લાભાર્થી કેટલા છે ? | 10 |
| ૪.૬ | આંગણવાડી કેન્દ્રોને એક વર્ષમા કેટલા ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી  આપવામા આવે છે ? | 11 |
| ૪.૭ | આંગણવાડી કાર્યકર બહેનોને દૂર દૂર સુધી ગેસ સિલિન્ડર લેવા પોતાના ખર્ચે રિક્ષાભાડું આપી ગેસ સિલિન્ડર લાવવા પડે છે.? | 12 |
| ૪.૮ | રાજ્યના આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શનની સ્થિતિ શું છે? | 13 |
| ૪.૯ | આંગણવાડીમાં Pipe Line થી ગેસ પુરવઠો આપવામાં આવે છે.? | 15 |
| | ગેસની બોટલ પહોંચાડવા માટે ખર્ચની વિગત | |
| | ગેસ કનેક્શન તથા ગેસ રીફિલિંગનો ખર્ચ કોણ ભોગવે ? | |
| | વાર્ષિક કેટલાં બોટલ મળે તેની જોગવાઈ અને ખર્ચ | |
| ૪.૧૦ | આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા અંગે પુરક નોંધ | 16 |
| ૪.૧૧ | મહીસાગર જીલ્લાની આંગણવાડીઓમાં માળખાકીય સુવિધાની વિગત | 17 |
| ૪.૧૨ | ગેસ કનેસકશન માટેની વર્ષ વાઈસ બજેટ જોગવાઈ અને ખર્ચ | 18 |

# 15

**મહીસાગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

***15/4/1287 શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હોઈ નવીન ગેસ કનેક્શન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોને ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------------------------------------

| અગ્રતા ક્રમ – ૧૫ પૂરક પ્રશ્ન-૧ |
| --- |
| પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ(બાલાસિનોર) |
| **પૂરક પ્રશ્ન–૧** આંગણવાડી કેંદ્રમાં આપવામાં અપાતા ગેસ કનેકશનમાં કઈ–કઈ સુવિધા પૂરી પાડવામાં આવે છે? |

**જવાબ**

**માન.અધ્યક્ષશ્રી,**

આંગણવાડી કેન્દ્ર ઉપર બાળકોને ગરમ આહાર મળી રહે તે માટે ભોજન બનાવવાની તમામ સુવિધા આંગણવાડીમાં કરવામાં આવી છે. ગરમ આહાર બનાવા માટે દરેક આંગણવાડીને કેંદ્રને બે ગેસ સિલિન્ડર, રેગ્યુલેટર, સુરક્ષા રબ્બર ટ્યૂબ, ગેસ સ્ટવ વગેરે આપવામાં આવે છે.

હાલમાં નવા ગેસ કનેકશન માટે કુલ રૂ.૭૮૧૦/– મુજબ ચુકવણી કરવામાં આવે છે. તેમજ ગેસબોટલની જે કિંમત હોય તે મુજબ રીફીલીંગ માટે ખરેખર થતાં ખર્ચ મુજબ ચૂકવણૂં કરવામાં આવે છે.

| **અગ્રતા ક્રમ – ૧૫ પૂરક પ્રશ્ન-૨**<br>**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ)** | |
|---|---|
| **પૂરક પ્રશ્ન –૨ :** | **૧૦ વર્ષથી વધુ સમયથી કનેકશન ધરાવતા આંગણવાડી કેંદ્રોમાં ગેસ રિપેરીંગ કે રિપ્લેશમેન્ટ માટે શું વ્યવસ્થા છે?** |

**માન.અધ્યક્ષશ્રી,**

તમામ જિલ્લા/કોર્પોરેશનના આંગણવાડી કેંદ્રોમાં ગેસ કનેક્શન આપ્યે ૧૦ વર્ષથી વધુ સમય થઇ ગયેલ હોઇ જુના ગેસ સગડી રીપેરીંગ/રિપ્લેસ માટે પ્રતિ જિલ્લા/કોર્પોરેશન દીઠ ઓછામાં ઓછા ૩૦% આંગણવાડી મુજબ પ્રતિ આંગણવાડી કેંદ્ર અંદાજે રૂ.૨૫૦૦/– જોગવાઈ કરી જયા રિપેરીંગની જરૂર છે. અથવા રિપેલ્સેમેન્ટની જરૂર છે તો તે તાત્કાલિક ગેસની સગડી રીપેર કે રિપ્લેસ કરાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે.

| અગ્રતા ક્રમ – ૧૫ પૂરક માહિતી |
| --- |
| **મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા કેન્દ્રોમાં ગેસ કનેકશનની સુવિધા આપવામાં આવીછે?** |
| |

મહીસાગર જિલ્લામાં તાલુકાવાઈઝ ગેસ કનેક્શનની સુવિધા આ મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર આંગણવાડી કેન્દ્રો ની સંખ્યા | ગેસ કનેકશન ધરાવતી આંગણવાડીઓની સંખ્યા |
| --- | --- | --- | --- |
| ૧ | લુણાવાડા | ૩૧૭ | ૩૧૭ |
| ૨ | વિરપુર | ૧૦૦ | ૧૦૦ |
| ૩ | બાલાસિનોર | ૧૬૩ | ૧૬૩ |
| ૪ | ખાનપુર | ૧૪૬ | ૧૪૬ |
| ૫ | કડાણા | ૨૦૬ | ૨૦૬ |
| ૬ | સંતરામપુર | ૩૮૪ | ૩૮૪ |
| કુલ | | ૧૩૧૬ | ૧૩૧૬ |

| અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી |
|---|
| **મહીસાગર જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કેન્દ્રમાં ગેસની બોટલ પહોંચાડવાની શું વ્યવસ્થા છે ? તથા તે અંગેની એજન્સી અને ખર્ચની વિગતો શું છે ?** |

- ગેસની બોટલ આંગણવાડી કેન્દ્ર સુધી જે તે તાલુકાની ગેસ એજન્સી દ્વારા સીધી ડોર સ્ટેપ ડિલીવરીથી પહોંચતી કરવામાં આવે છે.
- તમામ જીલ્લાઓમાં ગેસ એજન્સીઓના ભાવ અલગ અલગ હોય છે. મહીસાગર જીલ્લામાં ગેસની બોટલની કિંમત રૂ.૯૧૮/– થી રૂ.૯૨૭/– છે.
- મહીસાગર જીલ્લામાં તાલુકાવાઈઝ આ મુજબની એજન્સીઓ લાગુ પડે છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ એજન્સીનું નામ |
|---|---|---|
| ૧ | લુણાવાડા | કુમ કુમ ઈન્ડેન ગેસ એજન્સી,લુણાવાડા |
| ૨ | વિરપુર | અનુજ ભારત ગેસ એજન્સી ,હાંડિયા,વીરપુર |
| ૩ | બાલાસિનોર | શિવ ગેસ સર્વિસ એજન્સી,બાલાસિનોર |
| ૪ | ખાનપુર | રુદ્રા ઈન્ડેન ,બાબલીયા,બાકોર |
| ૫ | કડાણા | આવકાર ગેસ સર્વિસ એજન્સી પ્રતાપપુરા,સંતરામપુર |
| ૬ | સંતરામપુર | આવકાર ગેસ સર્વિસ એજન્સી પ્રતાપપુરા,સંતરામપુર |

| **અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી** |
|---|
| **આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન કેવી રીતે આપવામાં આવે છે? તથા આંગણવાડી કેન્દ્રોને ગેસ સિલિન્ડર મળવામાં વિલંબ ટાળવા માટે શું વ્યવસ્થા છે.** |

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

- જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા મંજુર કરેલ તાલુકાવાર ગેસ એજન્સીની યાદી જિલ્લા પ્રોગ્રામ ઓફિસર મારફત CDPO ને આપવામાં આવે છે.
- તાલુકાના CDPO દ્વારા તે ગેસ એજન્સીને આંગણવાડીના નામ સરનામાની યાદી સાથે ગેસ કનેક્શન માટે દરખાસ્ત કરવામાં આવે છે
- CDPO દ્વારા તાલુકાની ગેસ એજન્સી પાસેથી ગેસ કનેક્શન માટેના ખર્ચનો એસ્ટીમેટ મંગાવી તે તેને નિયત કરેલ ધારા–ધોરણો મુજબ નાણાકિય ચુકવણી કરી ગેસ એજન્સીના સંપર્કમાં રહી આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન પુરા પાડવામાં આવે છે.
- માન.અધ્યક્ષશ્રી
- ગેસ સીલિન્ડર મળવાનીના વિલંબની જ્યાસુધી વાત છે તો. આંગણવાડી કેન્દ્રોને જયારે નવા ગેસ કનેક્શન આપવામા આવેલ ત્યારે ૨ ગેસ સીલીન્ડર સહિતનુ કનેક્શન આપવામા આવેલ છે આથી જ્યારે એક બોટલ ઉપર રસોઈનું કામ થતું હોય ત્યારે બીજી વધારાની બોટલ આંગણવાડી કેન્દ્રમાં રિફીલ કરી રાખવામાં આવે છે. તેથી ગેસ બોટલ ખાલી થઈ જાય ત્યારે અન્ય રીતે રસોઈ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| **અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી** |
|---|
| **આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પુરી પાડવાની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને આ યોજના અમલમાં આવવાથી શુ ફરક પડ્યો?** |

**માન. અદ્યક્ષશ્રી,**

- દેશમાં સર્વ પ્રથમ ગુજરાત સરકારે આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પુરી પાડવાની પહેલ કરી આ યોજના ૧૦૦% રાજ્ય બજેટથી**તા. ૦૩/૧૨/૨૦૦૯** ના રોજથી શરૂ કરવામાં આવી.
- આંગણવાડી કાર્યકર, તેડાગર અને બાળકોનાં આરોગ્યને નુકશાન ન થાય તે માટે આંગણવાડી કેન્દ્ર ખાતે ખોરાક રાંધવા માટે ગેસની સુવિધા પુરી પાડવાથી આંગણવાડી કાર્યકર, હેલ્પર તથા બાળકોને લાકડાના ધુમાડાથી આંખો અને ફેફસાને નુકશાન થતું અટકે છે, પર્યાવરણનું રક્ષણ થાય છે. આ ઉપરાંત, ખોરાક ઝડપથી તૈયાર થાય અને ખોરાકના પોષકતત્વો જળવાય છે.
- ગેસ કનેક્શનના કારણે રાંધવાના સમયનો બચાવ થવાથી આંગણવાડી કાર્યકર દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં વધુ સમય આપી શકે છે.

| અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી |
| --- |
| **મહીસાગર જિલ્લામાં ગેસ કનેક્શન યોજનાથી લાભાન્વિત થતા લાભાર્થી કેટલા છે ?** |

- મહીસાગર જિલ્લા માં કુલ ૮૪૦૪૮ બાળકો, ૧૨૬૮ આંગણવાડી કાર્યકર અને ૧૧૬૬ આંગણવાડી  તેડાગર આ યોજનાથી લાભાન્વિત થયેલ છે.

| અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી |
| --- |
| **આંગણવાડી કેન્દ્રોને એક વર્ષમા કેટલા ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી  આપવામા આવે છે ?** |

- આંગણવાડી કેન્દ્રોને એક વર્ષમા ૩ ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી આપવામા આવે છે. સામાન્ય રીતે ૧ વર્ષમાં ૩ સીલીન્ડર એક આંગણવાડી માટે પુરતા છે. આમ છતાં કોઈક સંજોગોમાં વધારે જરૂરીયાત ઉપસ્થિત થાય તો તેમની માંગણી મુજબ તેમને વધારાનો ખર્ચ ફાળવી શકાય છે.

| અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી |
| --- |
| **આંગણવાડી કાર્યકર બહેનોને દૂર દૂર સુધી ગેસ સિલિન્ડર લેવા પોતાના ખર્ચે રિક્ષાભાડું આપી ગેસ સિલિન્ડર લાવવા પડે છે.?** |

- આંગણવાડીમાં અપાતા ગેસ સિલિન્ડર એ ડોમેસ્ટિક કનેક્શન તરીકે સરકારે મેળવેલ છે. આથી ઘરમાં જે રીતે ગેસ સિલિન્ડરની ડોર સ્ટેપ ડિલીવરી થાય તે જ રીતે આંગણવાડીમાં પણ ગેસ એજન્સી મારફત ડોર સ્ટેપ ડિલીવરી કરવાની હોય છે.

- જિલ્લામાં કલેક્ટરશ્રી દ્વારા જ્યારે ગેસ એજન્સીને મંજૂરી આપવામાં આવે છે. ત્યારે ઘરે બેઠા ડિલીવરી કરવા સાથેની બાબતોને ધ્યાને લઈ એજન્સીને મંજૂરી આપવામાં આવતી હોય છે. આથી ડોમેસ્ટિક ગેસ કનેક્શનમાં આવો કોઈ પ્રશ્ન રહેતો નથી.

## અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી

### રાજ્યના આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શનની સ્થિતિ શું છે?

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

| **ગેસ કનેક્શન રિપોર્ટ ૨૦૨૩-૨૪** | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | મંજુર કુલ આંગણવાડી કેન્દ્રો | **ગેસ કનેક્શન આપેલ આં.વા. ની સંખ્યા** | **ગેસ કનેક્શન બાકી હોય તેવા આં.વા.ની સંખ્યા** | રિમાર્ક્સ |
| ૧ | અમદાવાદ | ૧૫૦૦ | ૧૫૦૦ | ૦ | |
| ૨ | અમરેલી | ૧૬૧૬ | ૧૬૧૬ | ૦ | |
| ૩ | બનાસકાંઠા | ૩૩૬૫ | ૩૩૬૫ | ૦ | |
| ૪ | વડોદરા | ૧૪૦૯ | ૧૪૦૯ | ૦ | |
| ૫ | ભરૂચ | ૧૩૭૪ | ૧૩૭૪ | ૦ | |
| ૬ | નર્મદા | ૯૫૨ | ૯૫૨ | ૦ | |
| ૭ | ભાવનગર | ૧૫૯૧ | ૧૫૯૧ | ૦ | |
| ૮ | ડાંગ | ૪૪૧ | ૪૪૧ | ૦ | |
| ૯ | જામનગર | ૮૮૮ | ૮૮૮ | ૦ | |
| ૧૦ | જુનાગઢ | ૧૨૪૯ | ૧૨૪૯ | ૦ | |
| ૧૧ | પોરબંદર | ૪૮૯ | ૪૮૯ | ૦ | |
| ૧૨ | કચ્છ | ૨૧૧૬ | ૨૧૧૬ | ૦ | |
| ૧૩ | મહેસાણા | ૧૯૨૦ | ૧૯૨૦ | ૦ | |
| ૧૪ | પાટણ | ૧૪૨૭ | ૧૪૨૭ | ૦ | |
| ૧૫ | પંચમહાલ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૦ | |
| ૧૬ | દાહોદ | ૩૦૫૬ | ૩૦૫૬ | ૦ | |
| ૧૭ | રાજકોટ | ૧૩૬૦ | ૧૩૬૦ | ૦ | |
| ૧૮ | સાબરકાંઠા | ૧૯૨૨ | ૧૯૨૨ | ૦ | |
| ૧૯ | સુરત | ૧૭૩૩ | ૧૭૩૩ | ૦ | |
| ૨૦ | સુરેંદ્રનગર | ૧૩૪૮ | ૧૩૪૮ | ૦ | |
| ૨૧ | ગાંધીનગર | ૯૫૧ | ૯૫૧ | ૦ | |
| ૨૨ | ખેડા | ૧૯૭૯ | ૧૯૭૯ | ૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ | આણંદ | ૧૯૯૩ | ૧૯૯૩ | ૦ | |
| ૨૪ | વલસાડ | ૧૮૯૯ | ૧૮૯૯ | ૦ | |
| ૨૫ | નવસારી | ૧૩૩૦ | ૧૩૩૦ | ૦ | |
| ૨૬ | તાપી | ૧૦૪૯ | ૧૦૪૯ | ૦ | |
| ૨૭ | અરવલ્લી | ૧૪૫૦ | ૧૪૫૦ | ૦ | |
| ૨૮ | બોટાદ | ૫૬૯ | ૫૬૯ | ૦ | |
| ૨૯ | છોટાઉદેપુર | ૧૧૮૨ | ૧૧૮૨ | ૦ | |
| ૩૦ | દેવભુમિ દ્વારકા | ૬૯૧ | ૬૯૧ | ૦ | |
| ૩૧ | ગીર સોમનાથ | ૧૧૬૬ | ૧૧૬૬ | ૦ | |
| ૩૨ | મહીસાગર | ૧૩૧૬ | ૧૩૧૬ | ૦ | |
| ૩૩ | મોરબી | ૭૬૧ | ૭૬૧ | ૦ | |
| કુલ | | ૪૮૦૯૨ | ૪૮૦૯૨ | ૦ | |
| કોર્પોરેશન | | | | | |
| ૧ | અમદાવાદ | ૨૧૨૮ | ૨૧૨૮ | ૦ | 0 |
| ૨ | વડોદરા | ૪૩૮ | ૦ | ૪૩૮ | અક્ષયપાત્ર ચાલતુ હોવાથી ગેસ કને. જરૂર નથી. |
| ૩ | ભાવનગર | ૩૧૭ | ૦ | ૩૧૭ | તમામ કેંદ્રોમાં અક્ષયપાત્ર દ્વારા નાસ્તો આપવામાં આવે છે. |
| ૪ | જુનાગઢ | ૧૭૯ | ૧૭૯ | ૦ | ૦ |
| ૫ | જામનગર | ૩૦૯ | ૩૦૯ | ૦ | ૦ |
| ૬ | રાજકોટ | ૩૬૩ | ૦ | ૩૬૩ | સેન્ટ્રલ કિચન દ્વારા નાસ્તો અપાતો હોવાથી ગેસ કને. જરૂર નથી. |
| ૭ | સુરત | ૧૦૯૨ | ૦ | ૧૦૯૨ | અક્ષયપાત્ર અને અખિલહિંદ પરિષદ દ્વારા નાસ્તો અપાતો હોવાથી ગેસ કને. જરૂર નથી. |
| ૮ | ગાંધીનગર | ૧૧૧ | ૧૧૧ | ૦ | |
| કુલ | | ૪૯૩૭ | ૨૭૨૭ | ૨૨૧૦ | ૦ |
| સબ ટોટલ | | ૫૩૦૨૯ | ૫૦૮૧૯ | ૨૨૧૦ | |
| રાજ્યના તમામ આંગણવાડી કેંદ્રોમાં ૧૦૦% ગેસ કનેકશનની સુવિધા ઉપલબ્ધ થઈ ગયેલ છે. | | | | | |

| અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી |
| --- |
| **આંગણવાડીમાં Pipe Line થી ગેસ પુરવઠો આપવામાં આવે છે.?** |
| **ગેસની બોટલ પહોંચાડવા માટે ખર્ચની વિગત** |
| **ગેસ કનેકશન તથા ગેસ રીફિલિંગનો ખર્ચ કોણ ભોગવે ?** |
| **વાર્ષિક કેટલાં બોટલ મળે તેની જોગવાઈ અને ખર્ચ** |

- આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સિલિન્ડરની જગ્યાએ પાઈપ–લાઈન મારફતે ગેસ પુરવઠો આપવામાં આવે તો ઘણી સુલભતા રહે. પરંતુ હાલમાં રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ગેસ પુરવઠો પુરો પાડવા પાઈપ–લાઈન ઈન્ફ્રાસ્ટ્રકચર બિછાવેલ નથી ફક્ત આંગણવાડી કેન્દ્રોને ગેસ પાઈપ–લાઈન મારફત પુરો પાડવાનું વિચારવામાં આવે તો આર્થિક રીતે ઘણું મોંઘુ પડે.
- હાલમાં વાર્ષિક ત્રણ ગેસ સિલિન્ડર રિફીલીંગ માટે નાણાં આપવામાં આવે છે અત્યાર સુધી ત્રણથી વધુ ગેસ સિલિન્ડરની જરૂરિયાત અંગે કોઈ જીલ્લામાંથી રજૂઆત કે માંગણી આવેલ નથી. આમ, આંગણવાડી કેન્દ્રો ખાતે ગેસ વપરાશ ઘણો મર્યાદિત છે. આથી આંગણવાડી કેન્દ્રોને પાઈપ–લાઈન મારફતે ગેસ પુરવઠો પુરો પાડવો આર્થિક રીતે પોષાય તેમ ન હોઈ હાલ જે વાર્ષિક ત્રણ સિલિન્ડર આપવામાં આવે છે તે ચાલુ રાખવું યોગ્ય રહેશે.
- આંગણવાડી કેન્દ્રો સુધી ગેસની બોટલ પહોંચતી કરવાની હોવાથી
- ભાડુ ચુકવવાનો પ્રશ્ન રહેતો નથી.
- ગેસ કનેક્શન તથા ગેસ સિલિન્ડરના રિફિલીંગનો ખર્ચ રાજ્ય સરકાર ૧૦૦% રાજ્ય બજેટની ગ્રાન્ટમાંથી ભોગવે છે.

| અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી |
|---|
| **આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા અંગે પુરક નોંધ** |

## પૂરક નોંધ

- આંગણવાડી કાર્યકર, તેડાગર અને બાળકોનાં આરોગ્યને નુકશાન ના થાય તે માટે દેશમાં સર્વ પ્રથમ ગુજરાત સરકારે આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પુરી પાડવાની પહેલ કરેલ છે.
- આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેકશન સુવિધા પૂરી પાડવાની યોજના તા. ૩/૧૨/૨૦૦૯ થી શરૂ કરવામાં આવેલ છે
- આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેકશનની સુવિધા પૂરી પાડવા પાછળ થતો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ખોરાક રાંધવા (નાસ્તો બનાવવા) માટે ગેસની સુવિધા પૂરી પાડવાથી આંગણવાડી કાર્યકર, હેલ્પર તથા બાળકોને લાકાડાના ધુમાડાથી આંખોને નુકશાન થતુ અટકે છે.
- પર્યાવરણનું રક્ષણ થાય છે.
- આગની હોનારત થતી અટકાવી શકાય છે.
- ખોરાક ઝડપથી તૈયાર થાય છે અને ખોરાકમાં પોષકતત્વો જળવાય રહે છે.
- આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનોનો સમય બચે છે અને તેમની કાર્યક્ષમતામાં પણ વધારો થાય છે.
- આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શન ૨ બોટલ સાથે આપવામાં આવે છે.
- ગેસ રિફિલીંગ માટે ખરેખર થયેલ ખર્ચ મુજબ ચુકવણુ કરવામાં આવે છે.

| અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી |
| --- |
| મહીસાગર જીલ્લાની આંગણવાડીઓમાં માળખાકીય સુવિધાની વિગત |

## માળખાકીય સુવિધાની વિગત

1. મહીસાગર જિલ્લા માં ૧૩૧૬ આંગણવાડી કેન્દ્રોમાંથી ૧૩૧૬ કેન્દ્રો સેનિટેશન સુવિધા ધરાવે છે તથા ૦ કેન્દ્રમાં સુવિધા બાકી છે.

2. મહીસાગર જિલ્લામાં ૧૦૯ ભાડાના મકાનમાં અને ૨૮૮ અન્ય જગ્યાએ અને તેમજ ૯૧૯ પોતાના મકાન ધરાવે છે.

3. મહીસાગર જિલ્લામાં ૧૨૮૭ આંગણવાડી કેન્દ્રોમાં વોટર પ્યુરીફાયરની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.

4. મહીસાગર જીલ્લામાં ૧૩૧૬ કેન્દ્રમાં પાણીની સુવિધા ઉપલબ્ધ છે.

5. મહીસાગર જિલ્લામાં કુલ ૮૪૦૪૮ બાળકો છે. જેમાં સામાન્ય વજનવાળા ૬૬૮૬૯ બાળકો, ઓછા વજનવાળા ૧૩૩૬૬ બાળકો અને અતિઓછા વજનવાળા ૩૮૧૩ બાળકો છે.

6. આંગણવાડી કેન્દ્રના ગેસ કનેક્શનના રીપેરીંગનો ખર્ચ કરવામાં આવેલ નથી.

7. મહીસાગર જિલ્લામાં ગેસ એજન્સીથી આંગણવાડી કેન્દ્રો સુધી ગેસ રિફીલીંગ બોટલ પહોંચાડવાનું વધુમાં વધુ ૫૫ કિ.મી અને ઓછામાં ઓછું ૦૧ કિ.મી જેટલુ અંતર થાય છે.

## અગ્રતા ક્રમ - ૧૫ પૂરક માહિતી

### ગેસ કનેસકશન માટેની વર્ષ વાઈઝ બજેટ જોગવાઈ અને ખર્ચ

| ગેસ કનેક્શન અને રિફિલિંગ માટેની બજેટ જોગવાઈ અને ખર્ચની વર્ષ વાઈઝ માહિતી. | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | મંજુર આંગણવાડી કેન્દ્રો | ગેસ કનેક્શન બજેટ જોગવાઈ (લાખમાં) | ખર્ચ | પરત (સરન્ડર) કરેલ |
| ૨૦૧૮–૧૯ | ૫૩૦૨૯ | ૧૨૨૨.૧૨ | ૧૨૨૧.૧૨ | - |
| ૨૦૧૯–૨૦ | ૫૩૦૨૯ | ૧૨૧૦.૪૩ | ૧૨૧૦.૪૩ | - |
| ૨૦૨૦–૨૧ | ૫૩૦૨૯ | ૧૨૧૦.૪૩ | ૧૨૧૦.૪૩ | - |
| ૨૦૨૧–૨૨ | ૫૩૦૨૯ | ૧૨૪૭.૬૮ | ૧૨૪૭.૬૮ | - |
| ૨૦૨૨–૨૩ | ૫૩૦૨૯ | ૧૫૨૫.૨૫ | ૧૫૨૫.૨૫ | - |
| ૨૦૨૩–૨૪ | ૫૩૦૨૯ | ૨૦૭૪.૦૮ | ૨૦૭૪.૦૮ | |
| ૨૦૨૪–૨૫ | ૫૩૦૨૯ | ૨૦૪૭.૨૩ | વર્ષ ૨૦૨૪–૨૫ માટે સુચિત બજેટ જોગવાઈ કરેલ છે. | |